UGVCL

# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૩૫, માર્ચ - એપ્રિલ ૨૦૧૬



## ગોઝારીયા પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ કરતાં મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદ

ઓલ ઈન્ડિયા ચેસ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનેલ જીયુવીએનએલની મહિલા ટીમ






ઓલ ઈન્ડિયા ચેસ ટુર્નામેન્ટમાં રનર્સ-અપ બનેલ જીયુવીએનએલની પુરૂષ ટીમ



૧ એપ્રિલ, કંપનીદિન નિમિત્તે ''સ્વચ્છ ભારત અભિયાન'' અંતર્ગત અનોખી ઉજવણી

# આ અંકમાં


**વર્ષ–૬ અંક–૩૫, માર્ચ – એપ્રિલ ૨૦૧૬**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**સંરક્ષક**
શ્રી અનુપમ આનંદ, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી બી. પી. બુચ, કાર્યવાહક મુખ્ય ઈજનેર (ઓપરેશન)
શ્રી એ. કે. મંગલ, કાર્યવાહક મુખ્ય ઈજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઈનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એચ. એમ. રામી, અધિક્ષક ઈજનેર, મહેસાણા
શ્રી પી. બી. પંડ્યા, અધિક્ષક ઈજનેર, પાલનપુર
શ્રી એચ. ડી. રાઠોડ, અધિક્ષક ઈજનેર, હિંમતનગર
શ્રી એસ. પી. વૈદ્ય, અધિક્ષક ઈજનેર, સાબરમતી

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા–૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઇલ આઈડી પર મોકલી શકો છો.


cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com



સંકલન : ૨૦/૦૪/૨૦૧૬


## આ અંકમાં


**મુલાકાત**

» ઉગતા સૂરજના દેશ જાપાનની મુલાકાત એક અદ્‌ભુત અનુભવ અહેવાલ – શ્રી વિજય ઠાકર, કાર્યપાલક ઈજનેર, કડી......૦૪

**સંક્ષિપ્ત સમાચાર**

» કંપનીદિનની ઉજવણી નિમિત્તે ‘‘સ્વચ્છ ભારત અભિયાન’’ અંતર્ગત અનોખી ઉજવણી................................૦૬
» મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદે તલોદ–૨ પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ કર્યું....................................૦૬
» મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદના વરદ્‌ હસ્તે કુકરવાડા પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ..........................૦૭
» ગોઝારીયા પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ કરતાં મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદ...............................૦૭

**કાવ્યધારા**

» પ્રિય મિત્રને..................................................૦૮
» હેતાળવી હૂંફ.................................................૦૮
» નામ ભૂલવા બેઠો છું.........................................૦૮

**ક્રિકેટ**

» ૧૦મી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મહેસાણા સર્કલ પ્રથમવાર ચેમ્પિયન .......................૦૯

**ચેસ**

» ૪૧મી ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ચેસ ટુર્નામેન્ટમાં જીયુવીએનએલની ટીમ સતત બીજા વર્ષે દ્વિતિય ક્રમે વિજેતા.......................................૧૨
» ૪૧મી ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડની મહિલા વિભાગની ચેસ ટુર્નામેન્ટમાં જીયુવીએનએલની ટીમ સતત ત્રીજા વર્ષે ચેમ્પિયન................................૧૪

**ટેનિસ**

» ૧૦મી ઈન્ટર સર્કલ ટેનિસ ટુર્નામેન્ટનું હિંમતનગર સર્કલ દ્વારા ગાંધીનગર ખાતે આયોજન................................૧૫

# સંદેશ



કંપની દ્વારા વિતેલા વર્ષોની કામગીરીનું મૂલ્યાંકન કરી આગામી વર્ષમાં કંપનીની ઉતરોત્તર પ્રગતિ થાય તેવી કામગીરી કરવાનો સંકલ્પ લેવા સર્વે કર્મચારીઓને અનુરોધ કરું છું.

**પ્રિય કર્મચારી મિત્રો,**

*સ્ત્રી પુરૂષની અર્ધાંગિના છે, તેનો સૌથી મોટો મિત્ર છે,*
*ધર્મ અર્થ અને કામનું મૂળ છે, જે તેનું અપમાન કરે છે તેનો નાશ થાય છે.*


**– મહાભારત**

તારીખ ૮ માર્ચના રોજ આપણે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિન'ની ઉજવણી કરીએ છીએ. શક્તિના પ્રતિક એવી નારીશક્તિને વંદન કરું છું. સ્ત્રી સશક્તિકરણના યુગમાં આપણે નારીનું સન્માન કરીએ તો 'મહિલા દિન'ની ઉજવણી સાર્થક ગણાશે. કંપનીની તમામ મહિલા કર્મચારીઓને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

તા. ૧લી એપ્રિલ, કંપની દિને તમામ કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવું છું. કંપની દ્વારા વિતેલા વર્ષોની કામગીરીનું મૂલ્યાંકન કરી આગામી વર્ષમાં કંપનીની ઉતરોત્તર પ્રગતિ થાય તેવી કામગીરી કરવાનો સંકલ્પ લેવા સર્વે કર્મચારીઓને અનુરોધ કરું છું.

તા. ૧લી મે આપણે 'ગુજરાત દિન' તરીકે ઉજવીએ છીએ. ગતિશીલ ગુજરાતની વિકાસગાથા આપ સૌના સહિયારા પુરૂષાર્થથી આગળ વધે અને આપણે પ્રગતિના સોપાન સર કરીએ તેવી શુભેચ્છા.

તાજેતરમાં શૈક્ષણિક વર્ષ દરમ્યાન કર્મચારીઓના બાળકો દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ તથા અન્ય શૈક્ષણિક અભ્યાસ ક્રમોની પરીક્ષાઓ આપવામાં આવેલ છે. આગામી માસમાં આવનારા પરિણામો તેઓની ઉજ્જવળ કારકિર્દીના ઘડતર માટે આશાસ્પદ રહે તેવો આવે તે માટે શુભેચ્છાઓ પાઠવું છું.



**અનુપમ આનંદ,** આઇએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**તા. ૨૦-૦૪-૨૦૧૬**

# ઉગતા સૂરજના દેશ જાપાનની મુલાકાત - એક અદ્ભુત અનુભવ

## અહેવાલ - શ્રી વિજય ઠાકર, કાર્યપાલક ઇજનેર, કડી

દેશ પ્રત્યેની ભક્તિ, ગૌરવ અને શિસ્ત જેના લોહીમાં સતત વહેતું રહે છે જે દેશની ખ્યાતિની વાતો કિવદંતીઓ બાળપણમાં સતત સાંભળી હતી. તે દેશની મુલાકાતનો અનુભવ છે. ૧૯૪૫ના હીરોશીમા અને નાગાશાકી પર થયેલ અણુંબોંબના હુમલા બાદ ખૂબ ઝડપથી વિકાસની ગતિ પ્રાપ્ત કરનાર અને વિશ્વમાં સૌ પ્રથમ સૂરજ જ્યાં દેખા દે છે તેવા જાપાનની પ્રાસંગિક મુલાકાત માટેની મારી પસંદગી વણસેવેલ સ્વપ્ન હકીકત સાબિત થઈ. મારો અનુભવ કંપનીના તાત્કાલિન મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ તથા કંપનીના મુખ્ય ઇજનેર શ્રીમતી છાયાબેન દેસાઈ દ્વારા મારી પ્રાસંગિક મુલાકાત માટેની પસંદગી હતી. જિંદગીભરનું ગૌરવ લઈ શકાય તેવી ઘટના છે.

કંપની દ્વારા મારા સાથીદાર શ્રી મનિષ ત્રિવેદીની પણ પસંદગી થયેલ. અમારી પસંદગી એ અમારા જીવનની મહત્ત્વની ઘટના હતી. સાથે પાંચ ઇજનેર જેટકોના તથા આઠ વિદ્યાર્થીઓ પીડીપીયુની ટીમના પણ પસંદગી થયેલ. પીડીપીયુમાંથી શ્રી ગંગવાણી દ્વારા સમગ્ર પ્રોજેક્ટ માટે કો-ઓર્ડિનેશનની કામગીરી હાથ ધરવામાં આવેલ. જાપાનમાં રહેવાની તથા જમવાની વ્યવસ્થા અને વારંવાર ટીકીટ ન લેવી પડે તે માટેના પાસની વ્યવસ્થા પણ અગાઉથી જ કરવામાં આવેલ. જાપાનમાં બસ સેવા ઓછી અને મોંઘી હોવાને લીધે અમારું સ્થળાંતર ટ્રેન દ્વારા કરવાનું વધારે સુગમ હતું. ટ્રેન નેટવર્ક સારું હોવાને લીધે ટાઇમ પ્લાનિંગ અમારે માટે સરળ થયેલ. અમારી ટીમના લીડર તરીકે શ્રી મનિષ જાનીને ફરજ સોંપવામાં આવેલ. યુજીવીસીએલના લીડર તરીકે શ્રી મનિષ ત્રિવેદી અને વિદ્યાર્થી લીડર તરીકે શ્રી અંકિત પંચાલને ફરજ સોંપવામાં આવેલ. અમારે પ્રોજેક્ટ અંગેનું નિયમિત રિપોર્ટ શ્રી ગંગવાણીને ઇમેઇલ દ્વારા કરવાનું હતું. જાપાનની મુલાકાતમાંથી ટેક્નિકલ અને ટેક્નોલોજીના ક્ષેત્ર ઉપરાંત શિસ્ત, સામાજિક અને આર્થિક પાસાઓ વિશે ઘણુ શીખવા મળેલ. ટાઇમ મેનેજમેન્ટના અમારા અભાવથી બસ ચૂકી જવાને લીધે તેમજ ડોલરનું યાનમાં રૂપાંતર સમયસર ન કરવાને લીધે અમો લગભગ ચારથી પાંચ કલાક માટે અટવાઈ ગયા. પ્રથમ ગ્રાસે મક્ષિકાનો અનુભવ થયો. હવે પછીના કાર્યક્રમમાં કાળજી લેવા માટે સમજણ પડી.

એક વ્યક્તિને એક રૂમ આપીને દરેકની પ્રાઇવસીનું ધ્યાન રાખવામાં આવેલ, કોઈ પણ કામકાજ માટેની લાઇન હોય તો બે વ્યક્તિ વચ્ચે દોઢથી બે ફૂટનું અંતર, ટ્રાફિકની લાઇનમાં બે વાહન વચ્ચે યોગ્ય અંતર, ધ્વનિ પ્રદૂષણ રોકવા દરેક જગ્યાએ 'મોબાઇલ સાયલન્ટ' રાખવાની સૂચનાઓ તથા માત્ર 'ઇયરપ્લગ'થી ફોન રીસીવ કરવાની શિસ્તની પ્રણાલિકા જોવા મળતી. કામના સ્થળે કે મિટિંગના સ્થળે નિર્ધારીત સમય કરતા પાંચ મિનિટ વહેલા હાજર થવું જેવી અનોખી શિસ્ત જોવા મળી.

મોટી ઉંમરે લગ્ન કરતા હોવાને લીધે બે પેઢી વચ્ચે અંતર વધી રહ્યું છે. મહિલાઓની સંખ્યા વધુ હોવાને લીધે આદર સત્કારની પરંપરા વધુ સારી રીતે મહિલાઓ દ્વારા નિભાવવામાં આવે છે. વેપારીઓને ખરીદી કરતી વખતે સહકારભર્યું વર્તન તેમજ અજાણ્યા વ્યક્તિઓને કોઈ પણ ભોગે મદદ કરાવના અભિગમનો પણ સુંદર અનુભવ થયો.

જાપાનની ચારે બાજુ દરિયો છે. દરિયાઈ ખોરાક પર નભતા આ દેશમાં અનાજ અને દૂધની આયાત કરવી પડે છે. જેથી અન્નના બગાડ અંગે અત્યંત જાગૃતતા જોવા મળેલ. વ્યક્તિના જીવનનું મૂલ્ય વધુ આંકવામાં આવે છે. કદાચ હીરોશીમા અને નાગાશાકી પરના અણુંબોંબ, વારંવાર આવતી સૂનામી અને વારંવાર ફાટતા જ્વાળામુખીને લીધે થયેલ જાનહાનિ અને વિશાળ સંખ્યામાં પોતાના સ્વજનો ગુમાવી ચુકેલ આ પ્રજા માણસના જીવનની કિંમત સમજવામાં વધુ સંવેદનશીલ હશે તેવું લાગ્યું. સરકારની નીતિઓમાં પણ નાગરિકોની ઝીણામાં ઝીણી જરૂરિયાતોને પ્રાથમિકતા આપવામાં આવે છે. ફ્યુજીના જ્વાળામુખી જોવાનું શક્ય ન બન્યું પણ જગપ્રસિદ્ધ 'ડિઝનીલેન્ડ' જોવાનો અમૂલ્ય મોકો મળ્યો. અમોને આવકારવા અને વિદાય આપવા માટે સુંદર પાર્ટીનું આયોજન હાથ ધરવામાં આવેલ.

જાપાનમાં સ્વચ્છતાની વાત કરીએ તો જાહેર રસ્તા ઉપર ક્યાંય ધુળ કે કચરો જોવા ન મળે. અણુંબોંબના હુમલા પછી જન્મેલ અપંગો માટે ખાસ વ્યવસ્થાના ભાગરૂપે પ્રજ્ઞાચક્ષુઓ માટે બ્રેઇલ લીપીમાં લખાણની જેમ રસ્તા ઉપર માર્કિંગ જોવા મળેલ. સલામતી ઉપર પણ વિશેષ ધ્યાન આપવામાં આવે છે.

ટ્રેનિંગનો મુખ્ય હેતુ રિન્યુએબલ એનર્જી જનરેશનને પ્રસ્થાપિત ગ્રીડ નેટવર્કમાં કઈ રીતે ઇન્ટીગ્રેટ કરી શકાય અને તેનો મહત્તમ ઉપયોગ ગ્રીડ સંચાલનમાં કેવી રીતે લઈ શકાય તે આધારીત ક્લાસરૂમ, પ્રેઝેન્ટેશન સમજાવવાનો હતો.

સ્ટીલ સ્ટ્રક્ચર કે અન્ય લાઇન આઇટમમાં સ્ટીલ વધુ પ્રમાણમાં વપરાતું જોવા મળેલ. એચટી લાઇનની એક જ પોલ

ઉપર ટ્રાન્સફોર્મર, આર.એફ. યુનિટ સ્વિચ, એચટી/એલટી લાઇન અને કમ્યુનિકેશન કેબલ જોવા મળેલ. આમ જગ્યા અને પોલના મહત્તમ ઉપયોગનું પ્લાનિંગ જોવા મળેલ.

આર્થિક વ્યવહાર અંગેની શિસ્ત અદ્‌ભુત જોવા મળી જેમ કે, યાનનુ (સિક્કા) પેમેન્ટ તેઓ હાથથી સ્વીકારતા નથી પરંતુ તેના માટે એક પ્લેટ મુકલામાં આવે છે જ્યારે યાન (નોટો)નું ચલણ એક હાથે નહિં પરંતુ બે હાથ સાથે રાખીને સ્વીકારતા જેથી ચલણ ઉપર છપાયેલ પોતાના રાજાની તસ્વીરનું ગૌરવ જળવાઈ રહે.

જ્વાળામુખી ઉપર બેઠેલ દેશના એક જ શહેરમાં જેટલી બહુમાળી ઇમારતો જોઈ એ તેઓને સલામતીના પ્રસ્થાપિત ધોરણો અંગે વિચારતા કરી મુકે તેવી હતી. 'જરૂરિયાત એ શોધખોળની જનેતા છે' તે કહેવત સાર્થક કરતી વાત એ રીતે જાણવા મળેલ કે 'માનવશક્તિ'ની અછતને લીધે 'સ્વંયમ સંચાલિત' ઉપકરણોના વધુ ઉપયોગ ઠેરઠેર જોવા મળેલ.

જાપાનની વાત આવે તો બુલેટ ટ્રેનનો ચોક્કસ ઉલ્લેખ કરવો પડે. અમો નસીબદાર એ રીતે હતા કે અમોને ૨૭૫ કિલોમિટર પ્રતિ કલાકથી વધુ ઝડપથી જતી 'હિટાચી-૭૦૦' ટ્રેઇનમાં મુસાફરી કરવાનો લ્હાવો પ્રાપ્ત થયેલ. જેની મુસાફરી એક પણ આંચકા વગર પૂર્ણ થઈ. જાપાનીઓના શરીર વામણા હતા પણ મન પહાડી હોવાના અનુભવ થયેલ. શરીર પરના ઘા જાણે મનની શક્તિઓ (ટેક્નોલાજી)થી અચંબિત કરી દીધા. ગુણવત્તા કોને કહેવાય તે જાપાન પાસેથી જાણવા મળ્યું.

કુલ ૧૦ જેટલી ઇલેક્ટ્રીકસીટી કંપનીઓ સમગ્ર જાપાનની વીજ વ્યવસ્થાની કામગીરી સંભાળે છે. ભારે દબાણવાળી ૫૦૦ KW, ૨૭૫ KW, ૧૫૮ KW, ૨૨ KW, ૬.૬ KW અને ૨૦૦/૧૦૦ વોલ્ટની લાઇન વ્યવસ્થા કરવામાં આવેલ છે. ગૃહ વપરાશ માટે ૨ ફેઇઝ દ્વારા ૨૦૦/૧૦૦ના વીજ દબાણો વીજ વિતરણ કરવામાં આવે છે.

ઔદ્યોગિક વીજ દર કરતા ગૃહ વપરાશનો વીજ દર ઊંચો છે. સંદેશ વ્યવસ્થા ઉચ્ચકક્ષાની સ્થાપવામાં આવેલ છે. ટેલિફોનની જેમ ગ્રાહક દ્વારા પૈસા ભરવામાં નહીં આવેલા વીજ કનેક્શન કંટ્રોલરૂમમાંથી કાપી શકાય તેવી અદ્યતન વ્યવસ્થા છે. દિવસ અને રાત્રિના ચોક્કસ સમયે જરૂરિયાત મુજબ લોડ વધારવા કે ઘટાડવા માટે 'ઇકો કાર્ડ' તેમજ 'ઇન્સેન્ટિવ' આપી શકાય તેવી યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે.

અગત્યની વાત એ છે કે જાપાનમાં વીજ ઉત્પાદન જરૂરિયાત કરતા વધારે હોવાથી આપણે ત્યાં જેમ 'લોડ શેડિંગ' કરવામાં આવે છે, તેનાથી ઉલટુ 'જનરેશન શેડિંગ' કરીને ઉત્પાદનને અંકુશમાં રાખવામાં આવે છે. સુનામીને લીધે જે ન્યુક્લિયર વીજ ઉત્પાદનો બંધ કરવામાં આવેલ તે બધા જ ન્યુક્લિયર જનરેશનના ધારાધોરણને અમલમાં મુકે ત્યાં સુધી બંધ રાખવાના આદેશ આપવામાં આવેલ છે. સ્ટોરેજ બેટરી જનરેશનને વ્યાપક પ્રમાણમાં ઉપયાગ કરવામાં આવે છે. વિતરણના સુચારૂ વ્યવસ્થા માટે 'રિંગ મેઇન મેથોડોલોજીન'નો ઉપયોગ કરવામાં આવે છે. ખુલ્લા વીજ તારને બદલે 'ઇન્સ્યુલેટેડ' વીજ તારનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી વર્ટિકલ અને હોરીજેન્ટલ ક્લિયરન્સનો પ્રશ્ન નડતો નથી. વીજ થાંભલા સાથેના તાણીયા માટે પણ ઇન્સયુલેટેડ પાઇપ લગાવીને સલામતીને ધ્યાનમાં રાખવામાં આવે છે. જેનું નિયમિત નિરિક્ષણ પણ કરવામાં આવે છે.

રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વિંગ અન્વયે હિટાચી લેબોરેટરીમાં આગામી સંશોધનો અંગે ઘણી વિગતો જાણવા મળી જેમ કે રોબોટ, લીથીયબેટરી અને ઊંચા તાપમાને ઓગળી ન જાય તેવા કેમિકલના ઉપયોગ અંગે માહિતી મળી. પ્રિપેઇડ મીટર નથી તથા ફ્રીકવન્સીમાં વધઘટ આવતી ન હોવાને લીધે ત્યાં 'યુઆઈ' મિકેનીઝમ જેવી ફ્રીક્વન્સી આધારિત કોમર્શી યલ સિસ્ટમની જરૂર નથી. આપણે ત્યાં અસ્તિત્વમાં છે તેવી એરિયા 'લોડ ડિસ્પેસ સેન્ટર' સમક્ષ 'ગ્રીડ લોડ સિસ્ટમ કંટ્રોલ' જેવી વ્યવસ્થા માટેના ત્રણ ડિસ્પેસ પ્રકારના સેન્ટરની મુલાકાતનો લાભ મળેલ. જેના ઓપરેશન માટેની સિમ્યુલેટર મેઇનલી એરેંજમેન્ટ ખૂબ સુંદર હતી. ટોકિયો ખાતેની હિટાચીની રીજીઓનલ ઓફિસની મુલાકાત દરમ્યાન કંપનીની ૨૦૧૩ અગાઉના પાછલા દશકોની કામગીરી, સિદ્ધિઓ અને પ્રગતિની વિગતો જાણવા મળેલ. દ્રશ્ય શ્રાવ્ય માધ્યમ દ્વારા સદર માહિતીની સમજ આપવામાં આવેલ. જાપાનમાં બે પ્રકારની ફ્રિકવન્સીમાં કન્ટીજન્સી વખતે એક બીજાના એરિયામાં વીજ સપ્લાઈ રિસ્ટોરેશન માટે ઇન્ટરફેઇઝ પોઇન્ટ અને બલ્ક ટ્રાન્સમીશન લાઇનમાં પણ વિક્ષેપ વખતે ઉપયોગમાં લેવાતી ટેક્નોલોજીનું પ્રેઝન્ટેશન અમોને દર્શાવવામાં આવેલ. સાથે સાથે હિટાચીની હાઇ વોલ્ટેઝ ટેસ્ટીંગ લેબોરેટરી, ટ્રાન્સફોર્મર મેન્યુફેક્ચરીંગ યુનિટ અને જનરેટર, રોટર ઇક્વિપમેન્ટની ફેક્ટરી પણ જોવા મળેલ. પીક અવર્સની જરૂરિયાતને પહોંચી મળવા માટેનું સોલાર પ્લાન્ટ પણ જોવા મળેલ.

ખાસ વિચારવા જેવી બાબત એ લાગી કે હાઈ ટેક્નોલોજીના યુગમાં પણ ત્યાં વીજ વપરાશની નોંધણી માટેના ઇલેક્ટ્રોમિકેનિકલ મીટર જોવા મળેલ. નાનપણમાં જે દેશ જોવાની મનમાં ઇચ્છા હતી તે આમ અચાનક પૂરી થઈ ગઈ. સ્વપ્ન પૂર્ણ થયાનો સંતોષ મળ્યો. સુષુપ્ત મને એનું કાર્ય કર્યુ. ઇશ્વરીય કાર્ય પણ હોઈ શકે. જાપાનની મુલાકાતનો અદ્‌ભુત અનુભવ અમોને મળ્યો તે દરેક જિજ્ઞાસુ વ્યક્તિઓને મળે તેવી અભ્યર્થના. ■

# કંપનીદિનની ઉજવણી નિમિત્તે "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત અનોખી ઉજવણી

તા. ૦૧/૦૪/૨૦૦૫ના રોજ ગુજરાત વિદ્યુત બોર્ડના પુનઃગઠન બાદ અસ્તિત્વમાં આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ઉતરોત્તર પ્રગતિ સાથે ૧૧ (અગિયાર) વર્ષ પૂર્ણ કરી ૧૨ (બાર)માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. ૧૪ (ચૌદ) જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડઝ પ્રાપ્ત કરીને ભારતમાં ગુજરાતને ગૌરવ અપાવવાનું મહત્ત્વનું કાર્ય કરેલ છે.

કોર્પોરેટ ઓફિસના પટાંગણમાં આ પ્રસંગે કંપનીના જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર.બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોષી, ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી બી.પી. બુચ, ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર (પીએન્ડપી) શ્રી એ.કે. મંગલ, તથા ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ, કંપનીદિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ અને કંપનીના વિકાસમાં



સહભાગી કર્મચારીઓના પ્રયાસોની હકારાત્મક નોંધ લેવામાં આવેલ. કંપનીદિન નિમિત્તે ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત આપણી તમામ ઓફિસો સ્વચ્છ રહે તે માટે તમામ કર્મચારીઓને અપીલ કરેલ.

કંપનીના મેનેજિંગ ડિરેકટર શ્રી અનુપમ આનંદ દ્વારા મોકલેલ સંદેશ મુજબ તેઓશ્રીએ કર્મચારીઓને કંપનીદિનની શુભેચ્છાઓ પાઠવેલ.

કંપનીના વિશેષ મહાપ્રબંધક શ્રી એ.સી. પ્રજાપતિના નેતૃત્વ હેઠળ કોર્પોરેટ ઓફિસના





પટાંગણમાં અલગ અલગ ટીમ બનાવીને કચરો સાફ કરાવીને પટાંગણને સ્વચ્છ કરવામાં આવેલ અને કાયમ માટે સ્વચ્છતા બની રહે તેવા પ્રયત્ન કરવા સંકલ્પ વ્યક્ત કરવામાં આવેલ. ■

---

# મેનેજિંગ ડિરેકટર શ્રી અનુપમ આનંદે તલોદ-૨ પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ કર્યુ

તારીખ ૨૨ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ કંપનીના મેનેજર ડિરેક્ટર શ્રી અનુપમ આનંદના વરદ્ હસ્તે હિંમતનગર વર્તુળ કચેરીના તાબાહેઠળની તલોદ વિભાગીય કચેરી હસ્તકની તલોદ-૨ પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું જેમાં કંપનીના કાર્યવાહક મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી જે.એમ. પટેલ, વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ), શ્રી પી.જે. ત્રિવેદી, અધિક્ષક ઇજનેર, હિમતનગર શ્રી એચ.ડી. રાઠોડ તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ અને તલોદના પ્રતિષ્ઠિત નાગરિકો વિશાળ



સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમની શરૂઆતમાં મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ દિપપ્રાગટ્ય કરેલ ત્યાર બાદ તકતીનું અનાવરણ કરેલ અને શ્રીફળ વધેરીને તેમજ રીબન કાપીને ઓફિસનું



લોકાર્પણ કરેલ. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ નવીન મકાન અંગે શુભેચ્છાઓ પાઠવી ગ્રાહકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવા માટે કર્મચારીઓને અનુરોધ કરેલ. ■

# મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદના વરદ્ હસ્તે કુકરવાડા પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ







તા. ૨૭-૧-૨૦૧૬ના રોજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદના વરદ્ હસ્તે મહેસાણા વર્તુળ કચેરીના તાબાહેઠળની વિજાપુર વિભાગીય કચેરી હસ્તકની કુકરવાડા પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું જેમાં કંપનીના કાર્યવાહક મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી બી.પી. બુચ, કાર્યવાહક મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.), શ્રી એ.કે. મંગલ, મહાપ્રબંધક (નાણા) શ્રી આર.બી. કોઠારી, વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ), શ્રી પી.જે. ત્રિવેદી, અધિક્ષક ઇજનેર, મહેસાણા શ્રી એચ.એમ. રામી તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ અને કુકરવાડાના પ્રતિષ્ઠિત નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શરૂઆતમાં મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ દિપપ્રાગટ્ય કરેલ. ત્યાર બાદ તકતીનું અનાવરણ કરેલ અને શ્રીફળ વધેરીને તેમજ રીબન કાપીને ઓફિસનું લોકાર્પણ કરેલ. નવીન કચેરીના પટાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવેલ. કુકરવાડાની શાળાની બાળાઓ દ્વારા પ્રાર્થનાગીત રજૂ કરવામાં આવેલ. પ્રાસંગિક ઉદ્બોધનમાં મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ નવીન મકાન અંગે શુભેચ્છાઓ પાઠવેલ. ■

---

# ગોઝારીયા પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ કરતાં મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદ

મહેસાણા વર્તુળ કચેરીના તાબાહેઠળની વિજાપુર વિભાગીય કચેરી હસ્તકની ગોઝારીયા પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ તા. ૨૭-૧-૨૦૧૬ના રોજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદના વરદ્ હસ્તે કરવામાં આવ્યું જેમાં કંપનીના કાર્યવાહક મુખ્ય ઇજનેર (ઓપરેશન)શ્રી બી.પી. બુચ, કાર્યવાહક મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.), શ્રી એ.કે. મંગલ, મહાપ્રબંધક (નાણા) શ્રી આર.બી. કોઠારી, વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ), શ્રી પી.જે. ત્રિવેદી, અધિક્ષક ઇજનેર, મહેસાણા શ્રી એચ.એમ. રામી તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ અને ગોઝારીયાના પ્રતિષ્ઠિત નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ.







કાર્યક્રમની શરૂઆતમાં મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ દિપપ્રાગટ્ય કરેલ. ત્યાર બાદ તકતીનું અનાવરણ કરેલ અને શ્રીફળ વધેરીને તેમજ રીબન કાપીને ઓફિસનું લોકાર્પણ કરેલ.

નવીન કચેરીના પટાંગણમાં વૃક્ષારોપણનું કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવેલ. ગોઝારીયા શાળાની બાળાઓ દ્વારા પ્રાર્થનાગીત રજૂ કરવામાં આવેલ.

પ્રાસંગિક ઉદ્બોધનમાં મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ નવીન મકાનની સુવિધા બાદ કર્મચારીઓની કાર્યદક્ષતામાં વધારો થશે અને ગ્રાહકોને વધુ સારી સેવાઓ આપશે તેવો આશાવાદ વ્યક્ત કરેલ. ■




## પ્રિય મિત્રને

મારી બધી ખુશીઓ,
તવ સમીપે પડી.

નિરંતર દૂઝતાં અંતર,
હેતતણી અમી ઝડી.

ટળે સૌ તાપ ઉદ્વેગો,
નજર જ્યાં આપની પડી.

જિંદગી મસ્તીભરી,
યારી તણા કેફે પડી.

અજાણી આ ભીડમાં,
ઓળખ તમારી જડી.

તમે રહો બસ જીવનમાં,
મારગે અહીં મંઝિલ મળી.

## હેતાળવી હૂંફ

અપૂર્ણ રહી ગયેલી ઝંખનાઓ,
ને અસ્તાચળે આથમતો સૂર્ય.

અધૂરા અલપ-ઝલપ મળ્યા ને,
આ જુઓ આથમી રહ્યો દિન.

અર્થહીન ઊડતી ધૂળકણોમાં,
ધૂંધવાતી, કણસી ઊઠેલી સાંજ.

વિરહીના ચિત્કાર શો કોકિલ શબ્દ,
ને પ્રતિઘોષે આકુળવ્યાકુળ મૌન.

વિયોગી મનમાં જોઉં. ઊઘડતી,
સ્મરણોતણી શીળી હેતાળવી હૂંફ.



## નામ ભૂલવા બેઠો છું

સ્મિતને કહો સુખ, ઉદાસીને દુઃખ,
બધી ઉદાસીને હું હસી બેઠો છું.

છાંય કરવાની ન કરો દરકાર,
ઊના પ્રચંડ તાપ વેઠી બેઠો છું.

ઘણાક સંતાપો અમે સાંભળી લીધા,
હું મન મનાવવાનું શીખી બેઠો છું.

ભલે ફૂલો હવે પથરાયાં મારગમાં,
ફૂલ અને કંટકનો ભેદ ભૂલી બેઠો છું.

ઉપનામની છોડો બધી ઝંઝટ,
નામ જ જ્યાં હું ભૂલવા બેઠો છું.

બધા ગયા તેમ હું પણ જવાનો,
લાવો તમારો હાથ, મળવા બેઠો છું.



**શ્રી ઘનશ્યામ પટેલ**
એક્ઝિક્યુટિવ એન્જિનીયર, લાયઝન ઓફિસ, ગાંધીનગર

# ૧૦મી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મહેસાણા સર્કલ પ્રથમવાર ચેમ્પિયન

## સાબરમતી સર્કલ રનર્સ-અપ



તા. ૨૬-૧૧-૨૦૧૫થી તા. ૨૮-૧૧-૨૦૧૫ દરમ્યાન સાબરમતી વર્તુળ કચેરીના યજમાન પદે ૧૦મી ઇન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન સાબરમતી ખાતે આવેલ રેલ્વે ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવેલ. સદર ટુર્નામેન્ટમાં કંપની, કોર્પોરેટ ઓફિસ સહિતના ચારેય સર્કલની ટીમના ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ. ફાઇનલ મેચ યજમાન સાબરમતી અને મહેસાણા સર્કલ વચ્ચે થયેલ. એક તરફી મુકાબલામાં ચાલીસ ઓવરમાં મહેસાણાની ટીમ પ્રથમ બેટિંગ કરતા ૧૯૮ રન કરેલ, જેના જવાબમાં સાબરમતીની ટીમ ૭૮ રને ઓલઆઉટ થતા મહેસાણાનો ૧૨૦ (એકસો વીસ) રને જવલંત વિજય થયેલ. વર્ષોથી ભાગ લેતી મહેસાણા સર્કલની ટીમ પ્રથમવાર ચેમ્પિયન થતાં ખેલાડીઓએ આનંદ અને ઉત્સાહભેર વિજયની ઉજવણી કરેલ. સાબરમતીની ટીમ રનર્સ-અપ થયેલ.

ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભના અધિક્ષક ઇજનેર, શ્રી બી.પી બુચ તથા સહાયક સેક્રેટરી, શ્રી લલિતકુમાર મહિડાએ ઉપસ્થિત રહીને તમામ ટીમના સભ્યોને ટુર્નામેન્ટ સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવેલ. દીપ પ્રાગટ્ય કર્યા બાદ મેદાનમાં રૂબરૂ રમીને ટુર્નામેન્ટને ખુલ્લી મુકવામાં આવેલ.





ટુર્નામેન્ટના ઇનામ વિતરણ સમારંભમાં કંપનીના વિશેષ મહાપ્રબંધ (એચઆર) ઉપસ્થિત રહીને વિજેતા ટીમોને ટ્રોફી, ટીશર્ટ તથા મોમેન્ટો અર્પણ કરીને ઇન્ટર કંપની ક્રિકેટ ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છા પાઠવેલ.

ટુર્નામેન્ટના પસંદગીકાર તરીકે શ્રી વત્સલ વોરાએ ફરજ બજાવેલ સાબરમતી સર્કલ દ્વારા સમગ્ર ટુર્નામેન્ટનું સફળ આયોજન હાથ ધરેલ.



**ચેમ્પિયન ટીમ, મહેસાણા**



**રનર્સ-અપ ટીમ, સાબરમતી**

# ક્રિકેટ

## પ્રથમ મેચ

તા. ૨૬-૧૧-૨૦૧૫ના રોજ મહેસાણા કોર્પોરેટ ઓફિસ અને મહેસાણા સર્કલ વચ્ચે રમાડવામાં આવેલ. કોર્પોરેટ ઓફિસની ટીમના કેપ્ટને ટોસ જીતીને પ્રથમ ફિલ્ડીંગ લીધેલ. પ્રથમ બેટિંગ કરતા મહેસાણા સર્કલ ૨૦ ઓવરમાં ૧૭૦ રન કરેલ. જેમાં શ્રી ડી.એ. ચૌહાણના ૬૮, શ્રી પી.પી. પ્રજાપતીના ૪૭ અને શ્રી જયેશ ચૌધરીના ૨૮ રન મુખ્ય હતા. કોર્પોરેટ ઓફિસ તરફથી ચિંતન મહેતાએ બે ઓવરમાં ૧૯ રન આપીને બે વિકેટ મેળવેલ. બીજી બેટિંગ કરતા શ્રી જોગેશ પ્રજાપતીએ ૧૪ રન અને શ્રી એન.બી. ઝાલાએ ૧૪ રન કરેલ. ૨૦ ઓવરમાં કોર્પોરેટ ઓફિસની ટીમ ૭૯ રનમાં ઓલ આઉટ થતા ૯૧ રનથી પરાજય થયેલ મહેસાણા સર્કલ તરફથી શ્રી જયેશ ચૌધરી ત્રણ ઓવરમાં ૧૦ રન આપી ત્રણ વિકેટ મેળવેલ. જ્યારે શ્રી ડી.એ. ચૌહાણ, શ્રી હરેશ પઢિયાર અને શ્રી જે.એસ. પટેલે બે-બે વિકેટ મેળવેલ.

## બીજી મેચ

તા. ૨૭-૧૧-૨૦૧૬ના રોજ યોજાયેલ પ્રથમ સેમીફાઈનલમાં મુકાબલો ગત વર્ષની રનર્સ-અપ ટીમ સાબરમતી સર્કલ અને હિંમતનગર સર્કલ વચ્ચે થયેલ. ટોસ જીતીને હિંમતનગરની ટીમે ફિલ્ડીંગ પસંદ કરેલ. પ્રથમ બેટિંગ કરતા સાબરમતી સર્કલ દ્વારા ૨૦ ઓવરમાં ૧૦૩ રન કરવામાં આવેલ. જેમાં શ્રી એચ.એમ. ઓઝાના ૩૧ રન તેમજ શ્રી વિકાસ બારોટ દ્વારા ફટકારવામાં આવેલ ૧૬ રન મુખ્ય હતા. હિંમતનગર તરફથી શ્રી વી.જે. પગી દ્વારા ત્રણ ઓવરમાં ૨૦ રન આપીને ત્રણ વિકેટ લેવામાં આવેલ. જ્યારે શ્રી ડી.આઈ. પટેલે ચાર ઓવરમાં ૨૩ રન આપીને ત્રણ વિકેટ મેળવેલ. બીજી બેટિંગ કરતા હિંમતનગરની ટીમ ૭૧ રનમાં ઓલ આઉટ થતા ૩૨ રને પરાજય થયેલ. શ્રી.

### ૧૦મી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન થયેલ મહેસાણાની ટીમ

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી પી.પી. પ્રજાપતી | ઈલે. આસિસ્ટન્ટ | ઈન્ડ પે.વિ.ક. મહેસાણા |
| ૨ | શ્રી વી.એસ. ચૌધરી | મીટર ટેસ્ટર | વિ.કા. વિજાપુર લેબ |
| ૩ | શ્રી વી.બી. ચૌહાણ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક બેચરાજી |
| ૪ | શ્રી એ.બી. દેસાઈ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક રણુજ |
| ૫ | શ્રી આર.એન. નાયક | સિનિયર આસિસ્ટન્ટ | વ.ક. મહેસાણા |
| ૬ | શ્રી વાય.ડી. જેઠવા | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક જંગરાલ |
| ૭ | શ્રી એચ.સી. પઢીયાર | ઈલે. આસિસ્ટન્ટ | ઈન્ડ પે.વિ.ક મહેસાણા |
| ૮ | શ્રી સી.ડી. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | વિ.કા. વિજાપુર |
| ૯ | શ્રી ડી.એ. ચૌહાણ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક જોટાણા |
| ૧૦ | શ્રી જે.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક ખેરાલુ |
| ૧૧ | શ્રી એસ.એન. નાયક | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક બેચરાજી |
| ૧૨ | શ્રી એમ.એન. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક કડી રૂરલ |
| ૧૩ | શ્રી જે.એસ. પટેલ | જુનિયર ઈજનેર | પે.વિ.ક ગોજારીયા |
| ૧૪ | શ્રી એમ.એસ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક ચાણસ્મા |
| ૧૫ | શ્રી જે.જે. મોદી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક વિજાપુર |
| ૧૬ | શ્રી એ.એન. ચાવડા | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક દેત્રોજ |

### ૧૦મી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં રર્નસ-અપ થયેલ સાબરમતીની ટીમ

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી એન.આર. દવે | સિનિયર આસિસ્ટન્ટ | સેક્શનલ ઓફિસ કુડાસણ |
| ૨ | શ્રી બી.એન. જોષી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક કલોક-૨ |
| ૩ | શ્રી એચ.એમ. ઓઝા | જુનિયર ઈજનેર | પે.વિ.ક સાંતેજ |
| ૪ | શ્રી યુ.એ. ગામીત | જુનિયર ઈજનેર | શહેર પે.વિ.ક ધોળકા |
| ૫ | શ્રી કે.જે. સોલંકી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક છત્રાલ |
| ૬ | શ્રી એ.એચ. ચાંપાનેરી | જુનિયર ઈજનેર | વિ.કા. ગાંધીનગર |
| ૭ | શ્રી દિપક દત્તા | લીગલ ઓફિસર | વ.ક. સાબરમતી |
| ૮ | શ્રી એન.બી. મહેતા | જુનિયર ઈજનેર | પે.વિ.ક સાણંદ-૨ |
| ૯ | શ્રી જે.ડી. મકવાણા | ઈલે. આસિસ્ટન્ટ | પે.વિ.ક ચીલોડા-૧ |
| ૧૦ | શ્રી એન.કે. ત્રિવેદી | જુનિયર આસિસ્ટન્ટ | વિ.કા. ગાંધીનગર |
| ૧૧ | શ્રી એન.આર. પારેખ | જુનિયર ઈજનેર | પે.વિ.ક કલોલ-૧ |
| ૧૨ | શ્રી પ્રશાંત પરીખ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક નારદીપુર |
| ૧૩ | શ્રી એસ.એલ. પટેલ | જુની. આસી. (મી.રી.) | પે.વિ.ક ગાંધીનગર |
| ૧૪ | શ્રી ટી.એમ. સૈયદ | જુનિયર ઈજનેર | ગ્રામ્ય પે.વિ.ક છત્રાલ |
| ૧૫ | શ્રી એ.પી. રાવ | જુનિયર ઈજનેર | પે.વિ.ક બાવળા |
| ૧૬ | શ્રી એમ.એ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક બોપલ |

ડી.આઈ. પટેલના ૧૧ રન તથા શ્રી કે.એમ. પ્રજાપતી દ્વારા કરવામાં આવેલ ૧૯ રન મુખ્ય હતા. સાબરમતી તરફથી શ્રી એન.કે. ત્રિવેદીએ ત્રણ ઓવરમાંથી એક મેઇડન નાખી નવ રન આપીને ચાર વિકેટ મેળવેલ.

### ત્રીજી મેચ

તા. ૨૭-૧૧-૨૦૧૬ના રોજ બપોર પછી યોજાયેલ બીજી સેમીફાઇનલનો મુકાબલો ગત વર્ષની ચેમ્પિયન પાલનપુર અને મહેસાણા સર્કલ વચ્ચે થયેલ. ટોસ જીતીને મહેસાણા સર્કલે બેટિંગ કરવાનું પસંદ કરેલ. ૨૦ ઓવરમાં ૭૭ રન કરીને ઓલ આઉટ થયેલ. જેમાં શ્રી વી.બી. ચૌહાણના



ટ્રોફી ગ્રહણ કરતા ચેમ્પિયન ટીમના કેપ્ટન

૧૭ રન મુખ્ય હતા. પાલનપુર તરફથી શ્રી વી.એચ. પ્રજાપતીએ ૪ (ચાર) ઓવરમાં ૨૩ (ત્રેવીસ) રન આપીને ત્રણ વિકેટ મેળવેલ. બીજી બેટિંગ કરતા પાલનપુરની ટીમે માત્ર ૫૦ રન બનાવતા કરૂણ રકાસ થયેલ. પાલનપુર ટીમનો એક પણ ખેલાડી ડબલ ડિજિટમાં પણ વ્યક્તિગત સ્કોર કરી શકેલ નથી. મહેસાણા સર્કલથી શ્રી વિજય ચૌહાણ ચાર ઓવરમાં સાત રન આપીને ૪ (ચાર) વિકેટ ખેરવી ઘાતક બોલિંગ કરી પોતાની ટીમને વિજય અપાવવાનું મહત્ત્વનું કામ કરેલ.

### ચોથી મેચ

ટુર્નામેન્ટની ચોથી મેચ ફાઇનલ હોવાથી ૪૦ ઓવરની રમવાનું નિર્ધારીત કરેલ હોઈ. તા. ૨૮-૧૧-૨૦૧૬ના રોજ આયોજન કરેલ. ફાઇનલ મેચ ગત વર્ષની રનર્સ-અપ ટીમ સાબરમતી અને મહેસાણા સર્કલ વચ્ચે રમાયેલ. અત્યાર સુધીની ટુર્નામેન્ટમાં મોટે ભાગે ફાઇનલ મુકાબલો હિંમતનગર અને પાલનપુર વચ્ચે થતા પહેલી વાર ફાઇનલ મુકાબલો આ બંને ટીમ સિવાયની ટીમો વચ્ચે હાઈ મુકાબલો રોમાંચક થયેલ. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા મહેસાણા સર્કલની ટીમે ૪૦ ઓવરમાં ૧૯૮ રન કરેલ જેમાં શ્રી વિજય ચૌધરીના ૭૯ રન તેમજ શ્રી વિજય ચૌહાણના ૨૨ (બાવીસ) રન મુખ્ય હતા. સાબરમતી સર્કલ તરફથી શ્રી ભાર્ગવ જોશી, શ્રી નિરજ મહેતા, શ્રી નિરવ દવે અને શ્રી કે. જે. સોલંકીએ બે-બે વિકેટો લીધેલ. બીજી બેટિંગ કરતા પૂરી ટીમ ૭૮ રનના સ્કોર પર ઓલ આઉટ થતા ધબડકો થયેલ અને ૧૨૦ રને મહેસાણા સર્કલનો ભવ્ય વિજય થતા ઇન્ટર સર્કલના ઇતિહાસમાં પ્રથમવાર ચેમ્પિયન બનતા ખેલાડીઓએ હર્ષનાદ કરેલ અને ઉપસ્થિત પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી મહેસાણા સર્કલના વિજયને વધાવી લીધેલ. શ્રી નિરવ દવે દ્વારા ૨૨ રન કરીને રકાસ રોકવાનો પ્રયત્ન કરેલ પણ નિષ્ફળ ગયેલ. મહેસાણા સર્કલ તરફથી શ્રી પી.પી. પ્રજાપતીએ પાંચ ઓવરમાં ૨૬ રન આપી ત્રણ વિકેટ લીધેલ જ્યારે શ્રી જયેશ ચૌધરીએ સાત ઓવરમાં એક મેઇડન સાથે બાર રન આપી ત્રણ વિકેટ ઝડપેલ. ■

**૧૦મી ઇન્ટર કંપની ક્રિકેટ ટૂર્નામેન્ટ માટે પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમ**

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી વી.બી. ચૌહાણ | જુનિયર આસિસ્ટન્ટ | બેચરાજી પે.વિ.ક. |
| ૨ | શ્રી પી.પી. પ્રજાપતી | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ઇન્ડ્ પે.વિ.ક. મહેસાણા |
| ૩ | શ્રી ડી.એ. ચૌહાણ | જુનિયર આસિસ્ટન્ટ | જોટાણા પે.વિ.ક. |
| ૪ | શ્રી જે.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.કે ખેરાલુ |
| ૫ | શ્રી વી.એસ. ચૌધરી | મીટર ટેસ્ટર | વિ.કા. વિજાપુર લેબ |
| ૬ | શ્રી એન.આર. દવે | સિનિયર આસિસ્ટન્ટ | સેક્શનલ ઓફિસ કુડાસણ |
| ૭ | શ્રી એન.બી. મહેતા | જુનિયર ઇજનેર | પે.વિ.ક. સાણંદ-૨ |
| ૮ | શ્રી બી.એન. જોષી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. કલોલ-૨ |
| ૯ | શ્રી એચ.એમ. ઓઝા | જુનિયર ઇજનેર | સાંતેજ સબડિવિઝન |
| ૧૦ | શ્રી વી.એચ. પ્રજાપતી | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | પે.વિ.ક. સીટી પાલનપુર |
| ૧૧ | શ્રી વાય.એસ. રાવલ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. હાઇવે પાલનપુર |
| ૧૨ | શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. હાઇવે પાલનપુર |
| ૧૩ | શ્રી એ.એ. ચૌધરી | સિનિયર આસિસ્ટન્ટ | વિ.કા. ડીસા-૧ |
| ૧૪ | શ્રી સી.ડી. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | વિ.કા. વિજાપુર |
| ૧૫ | શ્રી એચ.આર. મન્સુરી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. ચોટીલા |
| ૧૬ | શ્રી એ.એન. ચાવડા | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. દેત્રોજ |
| **સ્ટેન્ડ બાય ખેલાડી** | | | |
| ૧૭ | શ્રી કે.જે. સોલંકી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. છત્રાલ |
| ૧૮ | શ્રી એન.કે. ત્રિવેદી | જુનિયર આસિસ્ટન્ટ | વિ.ક. ગાંધીનગર |
| ૧૯ | શ્રી યુ.એ. ગામીત | જુનિયર ઇજનેર | શહેર પે.વિ.ક ધોળકા |
| ૨૦ | શ્રી વી.જે. પગી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. માલપુર |
| ૨૧ | શ્રી એ.એચ. ચાંપાનેરી | જુનિયર ઇજનેર | વિ.ક. ગાંધીનગર |
| ૨૨ | શ્રી ડી.બી. પટેલ | જુનિયર ઇજનેર | પે.વિ.ક. બાયડ |

# ૪૧મી ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ચેસ ટુર્નામેન્ટમાં જીયુવીએનએલની ટીમ સતત બીજા વર્ષે દ્વિતિય ક્રમે વિજેતા

## કેરાલાની ટીમ ટીમ ચેમ્પિયન



દ્વિતિય ક્રમ વિજેતા ટીમ જીયુવીએનએલ



ચેમ્પિયન કેરાલા, દ્વિતિય ગુજરાત અને તૃતિય મધ્યપ્રદેશના ટીમના ખેલાડીઓ

તા. ૨૪થી ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૬ દરમ્યાન ૪૧મી ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ચેસ ટુર્નામેન્ટનું આયોજન છત્તીસગઢ સ્ટેટ પાવર હોલ્ડિંગ કંપની લિમિટેડના યજમાન પદે રાયપુર ખાતે કરવામાં આવેલ. રાષ્ટ્રીય કક્ષાની સદર ટુર્નામેન્ટમાં ભારતભરની કુલ ૧૬ જેટલી વીજ ક્ષેત્રની કંપની હસ્તકની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. રસાકસીભરી સ્પર્ધાને અંતે કેરાલા સ્ટેટ ઈલેક્ટ્રીસીટી બોર્ડની ટીમે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી.ની ટીમને પાછળ રાખીને પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ચેમ્પિયન બનેલ છે. જ્યારે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી.ની ટીમ માત્ર અડધા ગેમ પોઇન્ટના માર્જીનથી સતત બીજી વાર રનર્સ-અપ થયેલ છે. મધ્ય પ્રદેશ પાવરની ટીમે તૃતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

સદર ટુર્નામેન્ટમાં જીયુવીએનએલની ટીમના કેપ્ટન તરીકે શ્રી શૈલેશ નાયક, યુજીવીસીએલે ફરજ બજાવેલ તેમજ મેનેજર મિટિંગમાં લેવાયેલ નિર્ણય મુજબ શ્રી નાયકને અપીલ કમિટીના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવેલ. મેનેજર તરીકે જેટકોના શ્રી વિરેનભાઈ મહેતાએ ફરજ બજાવેલ.

કુલ પાંચ રાઉન્ડની સ્પર્ધામાં ગુજરાતની ટીમે પ્રથમ રાઉન્ડમાં મહા ટ્રાન્સકોની ટીમ સામે ૪માંથી ૪ પોઇન્ટ, દ્વિતિય રાઉન્ડમાં મહા જેનકોની ટીમને ૪માંથી ૩ પોઇન્ટ, તૃતિય રાઉન્ડમાં એમ.પી. પાવરની ટીમ સામે ૪માંથી ૩ (ત્રણ) પોઇન્ટ, ચોથા રાઉન્ડમાં કેરાલાની ટીમ સામે ૪માંથી ૨ પોઇન્ટ અને પાંચમાં રાઉન્ડમાં ઉત્તર પ્રદેશની ટીમની સામે ૪માંથી ૩ ૧/૨ પોઇન્ટ મેળવી કુલ ૧૫ ૧/૨ ગેમ પોઇન્ટ પ્રાપ્ત કરેલ. જ્યારે કુલ ૧૦માંથી ૯ મેચ પોઇન્ટ પ્રાપ્ત કરી અત્યાર સુધીનો સૌથી પ્રભાવશાળી દેખાવ કરેલ અને ગત વર્ષે મધ્ય પ્રદેશના જબલપુર ખાતે યોજાયેલ ટુર્નામેન્ટ કરતા વધુ સારી રીતે રમીને દ્વિતિય સ્થાન ફરી વાર પ્રાપ્ત કરેલ છે. કુલ ૭ (સાત) વાર ઓલ ઈન્ડિયા ટ્રોફી જીતીને અત્યાર સુધી ગુજરાત ઊર્જા વિકાસ નિમગ લી. દ્વારા રમાડવામાં આવતી કોઈ પણ રમતમાં સૌથી વધુ વાર વિજેતા બનવાનું બહુમાન પ્રાપ્ત કરેલ. અહીં નોંધપાત્ર વાત એ છે કે છેલ્લા ત્રણ વર્ષથી મહિલાઓની ટીમ પણ ચેમ્પિયનશીપ પ્રાપ્ત કરી રહેલ છે આમ સ્ત્રી અને પુરૂષ વિભાગમાં એક ધારી સફળતા પ્રાપ્ત કરવામાં આવી રહેલ છે. જેની જીયુવીએનએલ દ્વારા હકારાત્મક નોંધ લેવામાં આવેલ છે.

ટુર્નામેન્ટ જીતવા માટે મહત્ત્વની બાબત એ હતી કે ગુજરાતની ઊર્જા વિકાસ નિગમની ટીમને સફળ અને સ્થાપિત ખેલાડી શ્રી કમલ આર. લાડ કે જેઓ પી.ઓ.-૧ તરીકે ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. દ્વારા દ્વિતિય ટેબલ ઉપર એક પણ ગેમ હાર્યા સિવાય અપરાજિત રહીને પાંચમાંથી પાંચ પોઇન્ટ પ્રાપ્ત કરેલ. જ્યારે શ્રી કે.વી. હાલાણી, નાયબ ઈજનેર, બોટાદ વિભાગીય કચેરી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા પણ અપરાજિત રહીને ચોથા નંબરના ટેબલ ઉપર પાંચમાંથી પાંચ પોઇન્ટ પ્રાપ્ત કરેલ. જેને લીધે આપણી ટીમ પ્રભાવશાળી દેખાવ

કરી શકેલ અને બંને ખેલાડીઓને ખાસ 'બોર્ડ પ્રાઇઝ' આપીને સન્માનિત કરવામાં આવેલ. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. હસ્તકની કંપનીના ઉચ્ચ અધિકારીઓ, સદર ટુર્નામેન્ટના જીયુવીએનએલની ટીમના કેપ્ટન તરીકે શ્રી શૈલેશ નાયકે ફરજ બજાવેલ. કર્મચારીઓ અને અન્ય રમતના ખેલાડીઓએ વિજેતા થયેલ ટીમના સભ્યોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ.

આ પહેલા તા. ૨૧થી ૨૩મી ફેબ્રુઆરી ૨૦૧૬ દરમ્યાન ગાંધીનગર ખાતે ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. દ્વારા કોચિંગ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. ગુજરાતના નામાંકિત ખેલાડી અને કોચ શ્રી એસ.કે. સિંહા દ્વારા ટીમના ખેલાડીઓને



**કોચિંગ કેમ્પ દરમ્યાન શુભેચ્છા કાર્યક્રમ**

સુંદર કોચિંગ આપવામાં આવેલ જેને લીધે ટીમે ખૂબ જ પ્રભાવશાળી દેખાવ કરેલ છે. કોચિંગ કેમ્પના અંતમાં મુખ્ય ઇજનેર શ્રી પી.બી. ભટ્ટ, શ્રી એમ.સી. સોલંકી, વિશેષ મુખ્ય ઇજનેર દ્વારા ખેલાડીઓને સફળ થવા શુભેચ્છા આપવા પાર્ટીનું આયોજન કરવામાં આવેલ. કોચિંગ કેમ્પનું આયોજન શ્રી પી.પી. પ્રજાપતિ, એલડબલ્યુઓના હાથ નીચે શ્રી કે.એન. આચાર્ય, નાયબ ઇજનેર, શ્રી એચ. આઈ. દવે દ્વારા સુંદર રીતે કરવામાં આવેલ.

તા. ૨૬મી ફેબ્રુઆરીના રોજ યોજાયેલ ઉદ્‌ઘાટન સમારંભમાં છત્તીસગઢ પાવર હોલ્ડિંગ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપ ગર્ગે ઉપસ્થિત રહીને ટુર્નામેન્ટ ખુલ્લી મુકેલ. પ્રાસંગિક પ્રવચનમાં તેઓએ સદર ટુર્નામેન્ટ સમગ્ર ભારતના રાજ્યોની વીજ સંસ્થાઓ વચ્ચે સેતુનું કામ કરશે તેમ જણાવેલ. ભારતભરમાંથી આવેલ ખેલાડીઓનું સ્વાગત કરીને ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવેલ. આ પ્રસંગે શ્રી એલ.એસ. ચૌહાણ, એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર (ફાઇનાન્સ), શ્રી અજય શ્રીવાસ્તવ, મુખ્ય ઇજનેર અને જનરલ સેક્રેટરી, ટુર્નામેન્ટ આયોજન સમિતિ, શ્રી મૂકેશ સીંઘાનીયા, પ્રમુખ, છત્તીસગઢ, ચેસ એસોસીએશન, શ્રી વિવેક મરાઠે ટુર્નામેન્ટ ઓબ્ઝર્વર, શ્રી પી. ખરે, સ્પોર્ટ્સ સેક્રેટરી ઉપસ્થિત રહેલ.

ટુર્નામેન્ટના ઇનામ વિતરણ સમારંભ તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ શ્રી મૂકેશ સીંઘાનીયા, પ્રમુખ, છત્તીસગઢ, ચેસ એસોસીએશન, શ્રી એમ.એસ. ચૌહાણ, એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર (ફાઇનાન્સ), શ્રી અજય શ્રીવાસ્તવ, મુખ્ય ઇજનેર, શ્રી વિવેક મરાઠે ટુર્નામેન્ટ ઓબ્જર્વર ઉપસ્થિત રહેલ વિજેતા ખેલાડીઓને મેડલ, ટ્રોફી તથા મોમેન્ટો અર્પણ કરેલ જેને ઉપસ્થિત ખેલાડીઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ. ■

### દ્વિતિય ક્રમે વિજેતા બનેલ જીયુવીએનએલની ટીમના ખેલાડીઓની યાદી

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી એસ.એ. નાયક (કેપ્ટન) | આસિસ્ટન્ટ મેનેજર (પી.આર.) | યુજીવીસીએલ, આર.ઓ., મહેસાણા |
| ૨ | શ્રી કે.આર. લાડ | પી.ઓ. ૧ | જીસેક, ઉકાઈ ટીમ એસ |
| ૩ | શ્રી કે.વી. હાલાણી | નાયબ ઇજનેર | બોટાદ, વિક. પીજીવીસીએલ |
| ૪ | શ્રી એસ.બી. બારૈયા | જુનિયર આસિસ્ટન્ટ | મહુવા, વિ.ક. પીજીવીસીએલ |

અગાઉ જીઈબી ગુજરાત વિદ્યુત બોર્ડથી લઈને કંપની કરણ સુધીના સમયગાળામાં ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ચેસ ટુર્નામેન્ટના ઇતિહાસમાં સાતમી વાર ઓલ ઇન્ડિયા ટ્રોફી પ્રાપ્ત કરેલ છે જેની વિગતો નીચે મુજબ છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા



**શ્રી શૈલેશ નાયક (યુજીવીસીએલ)**

ચેસ, ક્રિકેટ, ટેનિસ, બેડમીટન, વોલીબોલ, કબડ્ડી, બ્રીજ, કેરમ, ટેની કોઇટ, ટેબલ ટેનિસ જેવી વિવિધ રમતો માટે ભાઈઓ તથા બહેનોની ટીમ મોકલવામાં આવે છે જેમાં ચેસના ખેલાડીઓએ હંમેશા શિસ્તબદ્ધરીતે રમીને વારંવાર વિજેતા બનવાનું ગૌરવ સમગ્ર ગુજરાતને અપાવેલ છે.

| ક્રમ | આયોજક | સ્થળ | વર્ષ | વિજેતા ક્રમ |
|---|---|---|---|---|
| ૧ | બોમ્બે સબ અર્બન | દહાણુ | ૧૯૯૫-૯૬ | દ્વિતિય |
| ૨ | મહારાષ્ટ્ર ઇલેક્ટ્રીસીટી બોર્ડ | ઔરંગાબાદ | ૧૯૯૭-૯૮ | ચેમ્પિયન |
| ૩ | ગુજરાત વિદ્યુત બોર્ડ | ગાંધીનગર | ૧૯૯૯-૨૦૦ | તૃતિય |
| ૪ | એ.પી. જેનકો | વિજયવાડા | ૨૦૦૬-૨૦૦૭ | તૃતિય |
| ૫ | હરિયાણા બીજલી વિતરણ નિગમ લી. | હિસ્સાર | ૨૦૦૮-૨૦૦૯ | તૃતિય |
| ૬ | મધ્યપ્રદેશ પાવર મેનેજમેન્ટ કંપની | જબલપુર | ૨૦૧૪-૨૦૧૫ | દ્વિતિય |

# ૪૧મી ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડની મહિલા વિભાગની ચેસ ટુર્નામેન્ટમાં જીયુવીએનએલની ટીમ સતત ત્રીજા વર્ષે ચેમ્પિયન

## હેટ્રીક વિજેતા બનીને ઈતિહાસ સર્જ્યો

આંધ્રપ્રદેશ ઈલેક્ટ્રીસીટીના યજમાન પદે વિશાખાપટ્ટનમના આરાવુંવેલી ખાતે તા. ૧૯થી ૨૧ માર્ચ ૨૦૧૬ દરમ્યાન રમાયેલ ૪૧મી ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટીની વુમેન્સ સ્પોટ્સની ચેસ ટુર્નામેન્ટમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ મહિલા વિભાગની ટીમે ઐતિહાસિક પ્રદર્શન કરી સતત ત્રીજા વર્ષે ચેમ્પિયન બની. પોતાની ચેમ્પિયનશીપ જાળવીને હેટ્રીક સર્જી એક નવો ઇતિહાસ રચેલ છે.

ભારતભરની કુલ ૧૨(બાર) જેટલી ટીમો એ આ ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ. એક તરફી જોરદાર દેખાવ કરીને મધ્યપ્રદેશ, તામિલનાડુ, કર્ણાટક, તેલંગાણા અને આંધ્રપ્રદેશની ટીમોને ટક્કર આપીને પોતાનો વિજય રથ સતત ત્રીજા વર્ષે પણ આગળ વધાર્યો છે. બીજા ક્રમે તેલંગાણા, ટ્રાન્સકોની




ટ્રોફિ ગ્રહણ કરતી ચેમ્પિયન ટીમ જીયુવીએનએલ

ટીમ ૧૩ ગેમ પોઇન્ટ તેમજ ૬ મેચ પોઇન્ટ તેમના આંધ્રપ્રદેશની ટીમ ૧૩ ગેમ પોઇન્ટ સાથે વિજેતા થયેલ છે. કુલ પાંચ રાઉન્ડની આ ટુર્નામેન્ટમાં જીયુવીએનએલની ટીમે પ્રથમ રાઉન્ડમાં મધ્યપ્રદેશની ટીમને ચારમાંથી ત્રણ મેચમાં હાર આપેલ. બીજા રાઉન્ડમાં તામિલનાડુની ટીમને ચારમાંથી ત્રણ મેચમાં હાર આપેલ. ત્રીજા રાઉન્ડમાં કર્ણાટકની ટીમને ચારમાંથી ચાર મેચમાં હાર આપેલ. તેમજ પાંચમાં રાઉન્ડમાં ચારમાંથી બે મેચમાં હાર આપીને ખૂબ સુંદર રમતનો પરિચય આપેલ. તા. ૨૪થી ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૬ દરમ્યાન રાયપુર છતીસ ગઢ ખાતે પુરૂષ વિભાગની ટીમ દ્વારા કરવામાં આવેલ શાનદાર પ્રદર્શનની યાદ તાજી કરાવેલ.

મહિલા વિભાગના ચેસ ટુર્નામેન્ટમાં પાંચમી વાર ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીકસીટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડની ટુર્નામેન્ટ જીતવાનું બહુમાન પ્રાપ્ત કરેલ છે. જેને લીધે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. હસ્તકની કંપનીઓમાં ગૌરવ અને ઉત્સાહની લાગણી જોવા મળેલ. વિજેતા ટીમના સભ્યોને કંપનીના સત્તાધીશો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

સતત ત્રણ વર્ષથી ચેમ્પિયન થવાનું મહત્ત્વનું શ્રેય એમજીવીસીએલના શ્રીમતી નીલાબેન શાહ કે જેમણે સદર ટુર્નામેન્ટમાં અપરાજીત રહીને પાંચમાંથી પાંચ રાઉન્ડ જીતીને બીજા નંબરના ટેબલ ઉપર 'બોર્ડ પ્રાઇઝ' મેળવેલ છે. તેમજ હેતલબેન ભટ્ટ જેઓએ પણ સતત ત્રીજા વર્ષે ચોથા નંબરના ટેબલ ઉપર અપરાજીત રહીને પાંચમાંથી પાંચ રાઉન્ડ જીતી ગયેલ છે.

યુજીવીસીએલ માટે વિશેષ ગૌરવ લેવા

### જીયુવીએનએલની ઓલ ઇન્ડિયા ઇન્ટર ઇલેક્ટ્રીસીટી ટુર્નામેન્ટના દેખાવની વિગતો

| ક્રમ | સ્થળ | વર્ષ | વિજેતા ક્રમ |
|---|---|---|---|
| ૧. | કુરૂક્ષેત્ર, હરિયાણા | ૨૦૦૯ - ૧૦ | તૃતિય ક્રમ |
| ૨. | નેલ્લોર, આંધ્રપ્રદેશ | ૨૦૧૦ - ૧૧ | તૃતિય ક્રમ |
| ૩. | ગાંધીનગર, ગુજરાત | ૨૦૧૩ - ૧૪ | ચેમ્પિયન |
| ૪. | હૈદરાબાદ, આંધ્રપ્રદેશ | ૨૦૧૪ - ૧૫ | ચેમ્પિયન |
| ૫. | આરાવુ વેલી | ૨૦૧૫ - ૧૬ | ચેમ્પિયન |

### ચેમ્પિયન બનેલ જીયુવીએનએલ ટીમના ખેલાડીઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | કંપની |
|---|---|---|---|
| શ્રીમતી આશાબેન ખાલપાડા | નાયબ ઇજનેર | બોપલ વિ.ક. | યુજીવીસીએલ |
| શ્રીમતી નીલાબેન શાહ | સીની. આસી. | સીટી ડિવિઝન, નડિયાદ | એમજીવીસીએલ |
| હેતલબેન ભટ્ટ | જુની. આસી. | માધાપુર, સીટી સબડિવિઝન-૩ | પીજીવીસીએલ |
| ડી. એન. દલવાડી | જુની. આસી. | વણાકબોરી ટીપીએસ. | જીસેક |



શ્રીમતી આશાબેન ખાલપાડા, યુજીવીસીએલ

જેવી બાબત એ છે કે, આપણી કંપનીના શ્રીમતી આશાબેન ખાલપાડા, નાયબ ઇજનેર, બોપલ અત્યાર સુધીમાં ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડની તમામ ટુર્નામેન્ટમાં વિજેતા ટીમના સભ્ય સહેલ છે. તેમજ ઇન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલનું પ્રતિનિધિત્વ કરીને ૪ વખત ચેમ્પિયન બનેલ છે. યુજીવીસીએલની ઇન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટમાં સાબરમતી સર્કલનું પ્રતિનિધિત્વ કરીને ૯ વખત ચેમ્પિયન થયેલ છે અને સરકારશ્રી દ્વારા રમાડવામાં આવતા ખેલમહાકુંભમાં અમદાવાદ ખાતે ૪ વખત ચેમ્પિયન બનેલ છે.

તા. ૧૮-૩-૧૬ના રોજ યોજાયેલ સદર ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં તથા તા. ૨૧-૩-૨૦૧૬ના રોજ યોજાયેલ ઇનામ વિતરણ સમારંભમાં આંન્ધ્રપ્રદેશ ઇલેક્ટ્રીસીટી ડિસ્ટ્રીબ્યુશન કંપની લિમિટેડના સી.એમ.ડી. શ્રી આર. મુથાલીયા રામુ, ડાયરેક્ટર, એ.પી. ટ્રાન્સકો, શ્રી નાગરાજા સ્વામી, ડાયરેક્ટર ઓપરેશન, શ્રી બી. શેશુ કુમાર તથા ડાયરેક્ટર (ફાઇનાન્સ એન્ડ એચઆર) શ્રી ટી.વી.એસ. ચન્દ્રાશેખરે ઉપસ્થિત રહીને ખેલાડીઓને ટુર્નામેન્ટ માટે શુભેચ્છા પાઠવેલ. વિજેતા ખેલાડીઓને મોમેન્ટો તથા સ્મૃતિચિન્હો અને ટ્રોફી અર્પણ કરવામાં આવેલ. સદર ટુર્નામેન્ટમાં મેનેજર તરીકે શ્રી એ.એમ. સુથારે, એમજીવીસીએલ ગોધરા સર્કલે ફરજ બજાવેલ.

ટુર્નામેન્ટ અગાઉ વડોદરા જીયુવીએનએલ ખાતે કોચિંગ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી એસ. કે. સિંહા ગુજરાતના નામાંકિત ખેલાડી તેમજ કોચ દ્વારા ચેમ્પિયન બનવા માટેના છેલ્લા ત્રણ વર્ષથી કોચિંગ આપવામાં આવી રહેલ છે. તેઓની સેવાઓ પ્રાપ્ત કરવામાં આવેલ અને જીયુવીએનએલના સત્તાધિશો દ્વારા ટીમને શુભેચ્છા પાઠવીને વિદાય પાર્ટી આપેલ. ■

# ૧૦મી ઈન્ટર સર્કલ ટેનિસ ટુર્નામેન્ટનું હિંમતનગર સર્કલ દ્વારા ગાંધીનગર ખાતે આયોજન

તા. ૧૧/૧૨/૨૦૧૫ના રોજ હિંમતનગર વર્તુળ કચેરીના યજમાન પદે સેક્ટર-૨૧, જીમખાના ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ. ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટક શ્રી એચ.ડી. રાઠોડ, અધિક્ષક ઇજનેર વર્તુળ કચેરી હિંમતનગર, શ્રી બી.પી. બુચ અધિક્ષક ઇજનેર વર્તુળ કચેરી, સાબરમતી ઉપસ્થિત રહેલ. કંપનીના તાબા હેઠળની કોર્પોરેટ ઓફિસ સહિત વિવિધ વર્તુળ કચેરીઓના ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ. વય મર્યાદાને કારણે આગામી ટુર્નામેન્ટ પહેલા નિવૃત્ત થઈ રહેલ અધિક્ષક ઇજનેર, સાબરમતી શ્રી બી.પી. બુચનું કારકિર્દી દરમ્યાન રમતવીર તરીકે યોગદાન આપવા બદલ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ. ઇનામ વિતરણ સમારંભમાં શ્રી બી.પી. બુચ અધિક્ષક ઇજનેર વર્તુળ કચેરી સાબરમતી દ્વારા વિજેતા ખેલાડીઓને ટ્રોફી તથા ટીશર્ટ તથા મોમેન્ટો એનાયત કરવામાં આવેલ.

### ઈન્ટર સર્કલ ટેનિસ ટુર્નામેન્ટ સિંગલ ચેમ્પિયન/રનર્સ-અપની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી કે.એસ. સિંઘી | ડેપ્યુટી ઇજનેર | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી એસ.એમ. દલવાડી | ડેપ્યુટી ઇજનેર | ચાણસ્મા ગ્રામ્ય પે.વિ.ક. | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ ટેનિસ ટુર્નામેન્ટ ડબલ્સ ચેમ્પિયન/રનર્સ-અપની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી કે.એસ. સીંઘી | ડેપ્યુટી ઇજનેર | કોર્પોટ ઓફિસ, મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી એન.બી. ઝાલા | જુનિયર આસિસ્ટન્ટ | કોર્પોટ ઓફિસ, મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી એસ.એમ. દલવાડી | ડેપ્યુટી ઇજનેર | ચાણસ્મા ગ્રામ્ય પે.વિ.ક. | રનર્સ-અપ |
| શ્રી એમ.એચ. શાહ | જુનિયર ઇજનેર | ડિવિઝન ઓફિસ, પાટણ | રનર્સ-અપ |

### ઈન્ટર કંપની ટેનિસ ટુર્નામેન્ટ માટેની યુજીવીસીએલની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી કે.એસ. સીંઘી | ડેપ્યુટી ઇજનેર | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા |
| શ્રી એસ.એમ. દલવાડી | ડેપ્યુટી ઇજનેર | ચાણસ્મા પે.વિ.ક. |
| શ્રી એન.બી. ઝાલા | જુનિયર આસિસ્ટન્ટ | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા |
| શ્રી જે.એમ. સૈયદ | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર વિ.ક.-૧ |
| શ્રી બી.પી. બુચ | સુપ્રિટેન્ડીગ એન્જીનીયર | સાબરમતી સર્કલ |
| **સ્ટેન્ડ બાય** | | |
| શ્રી આર.સી. દેસાઈ | એક્ઝિક્યુટીવ ઇજનેર | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા |
| શ્રી એન.પી. પટેલ | જુનિયર પ્રોગ્રામર | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા |
| શ્રી પી.આઈ. વાવડીયા | સિનિયર આસિસ્ટન્ટ | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા |




# સ્વસ્થ કર્મચારી, સ્વચ્છ કંપની, સ્વસ્થ કંપની,
# ૧ એપ્રિલ કંપનીદિન નિમિત્તે
# સર્વે કર્મચારીઓને ખૂબ ખૂબ શુભેચ્છા

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

UGVCL

## આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.


cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com